R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

OCTOBER - 2018

Total - 44 Pages

Vol No. 62 Issue No.7



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત
# ૬૭મો વાર્ષિક રસોત્સવ યોજે છે.




**તા. ૧૮-૧૧-૨૦૧૮, રવિવાર**

**સમય : સવારે ૯.૩૦ કલાકે**

**સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ**

**મુખ્ય મહેમાન :**

**શ્રી વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી)**

**ટિકીટનું વિતરણ : ૧૧-૧૧-૨૦૧૮, રવિવારે**

**સમય : સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે**

નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે.

**૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** : ૪૫/૪૯ બાબુગેનું રોડ ૧ લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૨

**૨) વાંદરા થી ગોરેગામ** : **શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી :** બી૧/૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લા (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬

**૩) મલાડ થી કાંદિવલી** : **કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) :** એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વે). મોબાઈલ : વસંત પરીખ - ૯૮૨૧૦૫૪૩૨૯

**૪) બોરિવલી થી વિરાર** : **શ્રી તેજસ હેમેન્દ્ર શાહ (ચકવા) :** સી-૩૦૨, સુમેરનગર એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મોબાઈલ : ૯૮૨૦૦૧૧૫૮૬

**નોંધ : વ્યક્તિ દીઠ બે ટિકીટ આપવામાં આવશે. ટિકીટનું વિતરણ વહેલા તે પહેલા ધોરણે થશે**

**વિતરણના દિવસે ટિકીટો વધશે તો નીચે જણાવેલ સ્થળ થી મેળવી લેવી.**

**શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ :** ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩

**સંપર્ક : શ્રી સૌમિલ મોદી : ૨૩૪૦૦૫૦૨ - ૯૯૨૦૨૧૩૪૨૬**

આ કાર્યક્રમ માણનારનો આનંદ જળવાઈ રહે માટે સૌ આમંત્રિત અને પ્રેક્ષકોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ (ખીસાદાર)**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૨ | ૭ | ૨૧-૧૦-૨૦૧૮ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**

## તંત્રી સ્થાનેથી

# દિપાવલી મહાપર્વ

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

સર્વ બાલાસિનોવાસીઓને જે જે શ્રી ગોકુલેશ. શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદ. આવનાર નવા વર્ષમાં તમારો શુભ સંકલ્પ અને શુભ કર્મ સાથે પ્રવેશ થાય અને તમારા આ શુભ સંકલ્પ અને શુભ કર્મ પરિપૂર્ણ થાય એવી હું પ્રભુને પ્રાર્થના કરું છું. આપ સર્વનું નવું વર્ષ શુભદાયક, સમૃદ્ધિદાયક, સ્વાસ્થ્યવર્ધક, પ્રસન્ત્તા બક્ષનારું, આનંદદાયક, ભક્તિમય, જ્ઞાનપૂર્ણ, સેવાપરાયણ તથા આધ્યાત્મિક બની રહે તેવી શુભકામના.

દિવાળીનો તહેવાર સર્વ તહેવારોમાં મુગટ સમાન છે. દિવાળી એટલે દીવડાઓનો દરબાર. દિવાળી એટલે પર્વનો પર્વોત્સવ -પર્વનો સમૂહ. પ્રકાશનો પ્રાદુર્ભાવ.

માણસનું અસ્તિત્વ અંધકાર ને પ્રકાશ વચ્ચે ઝોલાં ખાય છે. અમાસની અંધારી રાતે માણસ દિવાળી ઉજવે છે. તે આસુરી શક્તિ ઉપર વિજય ડંકો વગાડે છે. આપણા પૂર્વજોએ દિવાળી પાછળ રહેલી આ ભવ્ય ભાવનાને પૌરાણિક કથાઓમાં કંડારી છે. શ્રીરામ અસુર રાજા રાવણ ઉપર વિજય મેળવીને અયોધ્યા પાછા ફર્યા. રામ રાજ્યના શ્રી ગણેશ મંડાયા. લોકોએ દીપ પ્રગટાવીને વિજયોત્સવ કર્યો. વિષ્ણુ ભગવાને અસુરરાજા બલિના પ્રતાપમાંથી લક્ષ્મીદેવીને છોડાવ્યા. તેની યાદગીરીમાં વિષ્ણુભક્તો દિવાળી ઉજવે છે ને લક્ષ્મીદેવીનો અનુગ્રહ મેળવે છે. દિવાળી આ નિત્ય કૃપાનું વિશિષ્ટ સ્મરણ છે.

**આસો વદ અગિયારસ એટલે રમા એકાદશી**

આ દિવસથી દિવાળીના શુભ અવસરની શરૂઆત થાય છે. આ દિવસે ઉપવાસ, વ્રત અને તપનું મહત્વ હોય

છે. ભગવાનની કથા, કીર્તન વગેરે કરવા ને સાંભળવાં.

**આસો વદ બારસ એટલે વાઘ બારસ**

સંસ્કૃત શબ્દ વાઘ નો અર્થ થાય છે 'વાણી'. વાક અથવા વાઘ બારસ. **વાઘ** એટલે શક્તિનું પ્રતિક. શકિત અનેક પ્રકારની હોય છે. શારિરીક, માનસિક, આર્થિક, આધ્યાત્મિક શક્તિ, ગૂઢ શક્તિ, રહસ્યમય શક્તિ, દૈવી શક્તિ વગેરે. વર્ષ દરમ્યાન કેવી વાણી દ્વારા આપણે લોકો સાથે બોલ્યા તેનું સરવૈયુ કાઢવાનો દિવસ એટલે વાઘબારસ.

**આસો વદ તેરસ એટલે ધનતેરસ**

પ્રાચીનકાળમાં મનુષ્યને પ્રાણીઓ સાથે ખૂબ જ મૈત્રી હતી. તે પ્રાણીઓને ખૂબ આદરપૂર્વક સંભાળતો પોતાના ઘર આંગણે આવા પ્રાણીઓ શોભતા, તેનું મનુષ્ય જીવન પ્રાણીઓના કાર્ય પર આધારિત હતું. આ પ્રાણીઓને લીધે ભલે માણસનું જીવન સુખી ને આનંદથી ભરપુર રહેતું. મનુષ્ય વસ્તુના બદલામા વિનિમય કરતો હતો. પહેલના જમાનામાં મનુષ્ય ગાય, ભેંસો ને અન્ય પ્રાણીઓની દરકાર રાખતો ત્યારે વિનિમય પ્રથા હતી અને આ ગોધણને ધન કહેવાતું. આ દિવસે ગાયોની ખાસ પૂજા થતી. આ પૂજામાં હિંદુઓમાં રહેલ પ્રાણી પ્રત્યેની વિશાળ ભાવના પ્રગટેલી છે. પછી કાળક્રમે ગોધનની જગ્યાએ ધન આવ્યું. એટલે ધણ તેરસમાંથી ધન તેરસ થઈ. ગોધનની સાથે ધનની પૂજા થવા લાગી. ધનને ધોવું તેનું નામ ધંધો. અજાણમાં ખોટી રીતે ધન આવી ગયું હોય તેને સારા રસ્તે ધોઈને વાપરવાનું છે. ધન ધોવાનું પર્વ ધનતેરસ. ધનની પ્રતિબધ્ધતા પવિત્રતા માટેનું પર્વ. કલ્યાણકારી દેવી શ્રી મહાલક્ષ્મી દેવી સામે ધનની પૂજા થાય છે.

ધનતેરસને દિવસે શ્રી મહાલક્ષ્મીદેવની વિશિષ્ટ આરાધના કરવી જોઈએ કારણ કે આજના દિવસે તેઓ ભ્રમણ કરવા નીકળે છે. શ્રી લક્ષ્મીદેવીનું આસન કમળ છે. તેઓ સુંદર વસ્ત્રો તથા અલંકાર ધારણ કરે છે. તેમની મુખાકૃતિ ઉપર સ્મિત રેલાય છે. તેમની પૂજા કરવાથી માણસ હંમેશા પ્રગતિ, સુખ, સંપત્તિને યશ મેળવે છે. દિવાળીના દિવસે પણ શ્રી લક્ષ્મીદેવીની આરાધના થાય છે.

**આસો વદ ચૌદસ એટલે રૂપચૌદસ કે કાળી ચૌદસ**

આ દિવસ આધ્યાત્મિક શક્તિ પ્રાપ્તિનો દિવસ છે. આ દિવસે મંત્ર, તંત્ર-ઉપાસના થાય છે. આ દિવસે અન્યાય સામે શક્તિ બનાવવાની પ્રેરણા લેવી જોઈએ. માનવ જાતને વિચલિત કરતા પ્રલોભનોથી દૂર થવાની શક્તિ માટે પ્રાર્થનાનો દિવસ છે.

**આસો વદ અમાસ એટલે દીપાવલી-દીપોત્સવી પર્વ**

વિક્રમ સંવતના વર્ષનો છેલ્લો દિવસ. દિવાળી શબ્દ 'દીપાવલી' પરથી બનેલો છે. 'આવલિ' એટલે હાર. દીવાઓની હાર. અમાસની ઘોર અંધારી રાતે ઘરના આંગણામાં કોડિયા ઝળહળે છે.

**ઊંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈ જા,**
**અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.**

દિવાળીનું પર્વ પાપ પર પુણ્ય, અંધકાર પર પ્રકાશ તથા અસુરો પર સુરોનો વિજયોત્સવ એટલે દિવાળી. સમ્રાટ વિક્રમા દિત્યના રાજ્યાભિષેક પ્રસંગે દીપાવલીનું પર્વ મનાયું છે તેમ કહેવાય છે. આ દિવસે જૈનધર્મ ના ભગવાન મહાવીર વીરગતિએ પામ્યા હતા ને ગૌતમ સ્વામીને કેવલ જ્ઞાન લાધ્યું હતું. આપણા દેશની ધર્મ પરંપરામાં 'જ્ઞાન'નું મોટું મહાત્મ્ય છે. જ્ઞાન એ પ્રકાશનો પર્યાય છે.

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ પોતાને આવા શબ્દોમાં વર્ણવે છે 'એને સૂર્ય અજવાળી શકતો નથી કે ચંદ્ર કે અગ્નિ પણ અજવાળી શકતો નથી. ભગવાન ઈસુ એ સર્વને દીવા કહ્યા છે. તમે દુનિયાના દીવા છો. જ્યારે દીવો પ્રગટાવીને ઊંચે મૂકીએ ત્યારે ઘરના સર્વને પ્રકાશ પ્રાપ્ત થાય છે. એ જ રીતે તમારો પ્રકાશ લોકો આગળ પડવા દો. જેથી તેઓ તમારા સારાં કાર્યો જોઈને તમારા પરમ પિતાનાં ગુણગાન ગાય.

દિવાળીનો દિવસ એટલે અનેક પ્રસંગોનો સમૂહ દિન. ભગવાન વિષ્ણુએ અસુર નરકાસુરના પ્રતાપમાંથી લક્ષ્મીજીની મુક્ત કર્યા. ભગવાન મહાવીરનો નિર્વાણ દિવસ પાડંવો વનમાંથી પાછા ફર્યા. શ્રી રામ લંકા વિજય કરી અયોધ્યા પધાર્યા. ભગવાન કૃષ્ણે અસુર નરકાસુર ભીમાસુરનો નાશ કરી પ્રજાને ત્રાસમાંથી મુક્તિ અપાવી. આ રીતે અસુરોના ત્રાસમાંથી પ્રજા મુક્ત થઈ એટલે બધાએ દીવડાઓ પ્રગટાવી આનંદ વ્યક્ત કર્યો. એટલે આ અવસરને દીપોત્સવી કહેવાય છે. યુગે યુગે અધર્મ પર ધર્મના સંસ્થાપના માટે ભગવાન સ્વયં જન્મ લે છે.

### વિક્રમ સંવતના વર્ષનો પ્રથમ દિવસ, કારતક સુદ એકમ એટલે નૂતન વર્ષ

આ સંબંધના વિકાસનું પર્વ છે. બધા લોકો પરસ્પરના દ્વેષ, ઝઘડા, વેર, કડવાશ ને ભૂલી એકબીજાને મળવા જાય છે. આ દિવસે લોકો વહેલી સવારે તૈયાર થઈ પૂજાપાઠ કરી દેવદર્શન માટે વિવિધ મંદિરોમાં જાય છે.

સૌ આ દિવસે નવા નવા સુંદર ને વૈવિધ્યસભર આભૂષણો, રંગીન વસ્ત્રો પહેરી એકબીજાના ઘરે જઈને શુભેચ્છાઓ વ્યક્ત કરે છે. સૌ એકબીજાને મીઠાઈ, ભેટ-સોગાદો આપે છે અને બધા એકબીજાને **'સાલમુબારક', 'નૂતનવર્ષાભિનંદન', 'હેપી ન્યુ ઈયર'** કહે છે.

ભાગવતપુરાણ પ્રમાણે ઈન્દ્ર મહોત્સવને સ્થાને શ્રીકૃષ્ણે ગોવર્ધન પૂજા શરૂ કરી. ઈન્દ્ર મહોત્સવએ વીર ક્ષત્રિયોનો વીરત્વનો ખંતી પ્રજાનો ઉત્સવ હતો. શ્રીકૃષ્ણે પશુપાલકો માટે પર્વતપૂજા રૂપે તેમાં ફેરફાર કર્યા. ત્યારથી ઈન્દ્ર નિમિતે થતાં પકવાનો ગોવર્ધન પર્વતરૂપે ધરાવાની પ્રથા શરૂ થઈ. વૈષ્ણવ મંદિરો આજે આ વર્ષે અન્નકૂટોત્સવ કરે છે. મંદિરોમાં વિવિધ પકવાનો ને મીઠાઈઓને બનાવાય છે અને ભાતનો પર્વત જેમ ઢગલો કરીને દેવ આગળ સુંદર સજાવટ કરીને કલાત્મક રીતે નૈવેધ રૂપે ધરાવે છે. તેને અન્નકૂટ કર્યો એમ કહેવાય છે. ઘણા ઘરમાં પણ અન્નકૂટ કરે છે. આ પર્વે વૈષ્ણવ ગૌશાળામાં ગાયને ઘાસ નાખે છે તથા તેની સેવા કરે છે.

### કારતક સુદ બીજ એટલે ભાઈબીજ

આ દિવસે ભાઈ પોતાની બહેનના ઘરે જાય છે. પ્રાચીન સમયમાં દીકરી કે બહેનના ઘરે આમંત્રણ વગર જમતાં નહોતાં. તેથી આ દિવસે સાસરિયા તરફથી ખાસ ભાઈને પોતાની બહેનના ઘરે વિશેષ રૂપે આવવાનું તથા જમવાનું આમંત્રણ મળે છે.

આપણાં શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે આ દિવસે યમરાજા બહેન યમુનાદેવીના ઘરે જમવા આવે છે. તે પ્રસન્ન થઈને વરદાન માંગવાનું કહે છે. બહેનનો પવિત્ર ભાવ હતો. આ તક જોઈ તેમણે દુનિયાની સર્વ બહેનોની પ્રતિનિધિ બનીને માંગ્યુ હતું કે 'દર વર્ષે તમારે મારે ત્યાં આ જ દિવસે જમવા આવવું, તેમજ જે ભાઈઓ આજના દિવસે પોતાની બહેનને ત્યાં જઈને જમે અને પ્રસન્ન કરે તેમને સંસારમાં સુખ પ્રાપ્ત થાય. તેમજ કોઈનું કોઈ દિવસ અપમૃત્યુ ન થાય. આ વરદાનથી ભાઈબીજના દિવસે ભાઈ-બહેનના નિર્મળ પ્રેમ ઉપર મોંઘા વરદાનની મહોર પડી.

### કારતક સુદ પાંચમ એટલે લાભ પાંચમી કે જ્ઞાન પંચમી

આ પાંચમ શુભ તિથિ છે. વેપારીઓ ચોપડાપૂજન માટે જેમ દિવાળીનો દિવસ ઉત્તમ ગણે છે તેવી જ રીતે આ દિવસે સંજોગોવશાત રહી ગયેલા વેપારીઓ ચોપડાપૂજન કરે છે.

જૈન ધર્મીઓ આ દિવસે જ્ઞાનની અધિષ્ઠાત્રિ દેવી સરસ્વતીદેવીની પૂજા કરે છે. જ્ઞાન-ભંડારોમાં સંગ્રહિત હસ્તપ્રતોને ધર્મગ્રંથોની જાળવણી થાય, તે વિશે જિજ્ઞાસા ઊભી થાય તેવા દીર્ઘ હેતુથી જૈન ધર્મ જ્ઞાન ઉપાસનાની વિધિ શરૂ કરી છે.

# ફટાકડા

ચોમાસાની લીલીછમ ધરતી પર ભીનાશ સાથે અનેક પ્રકારના ઝેરી જીવડાં, કીટાણુ, વિષાણુઓ પેદા થતાં હોય છે. કળિયુગના રાક્ષસ એટલે આ ઝેરી જીવડા. ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવી અનેકવિધ બિમારીઓ તેના ડંખથી થતી જોવા મળે છે.

શહેર-શહેર, નગર-નગર ત્યાંની પાલિકાઓ સ્વચ્છતાના ધારાધોરણ પ્રમાણે છંટકાવ કરતી રહે છે. જીવાતના વિશાળ ઉપદ્રવ સામે આટલું કારગત નથી નીવડતું. કચાશ રહી જાય છે. જ્યાં ત્યાં ભટકતા અને જ્યાં ત્યાંથી ભરાઈ જતાં આવા જીવડાં ઝેરી ડંખ દે છે.

વર્ષોથી દિવાળીમાં ફટાકડા ફૂટે છે. સર્વત્ર ફટાકડા ફૂટતા તેના ધુમાડામાં હજારો ઝેરી જીવડાં નાશ પામે છે. એક પ્રકારે અંદર બહારની સહિયારી સાફસફાઈ આ ધૂમાડાના પ્રતાપે થાય છે. એટલે એ જ રીતે ફટાકડા ફોડવા માનવ સમાજ માટે હિતાવહ છે.

આ ફટાકડાને માનવ સ્વભાવ સાથે સરખાવતા ઘણી સામ્યતાઓ જોવા મળે છે.

દિવાળીના દારૂખાનામાં અનેક પ્રકારના ફટાકડા જોવા મળે છે. **જમીનચકરી** - આની ખાસિયત છે કે એક જગ્યાએ સ્થિર રહેતી નથી. આમ તેમ ગોળ ગોળ ફર્યા કરે છે. ઘણા એવા હોય છે કે એક જગ્યામાંથી બીજી જગ્યાએ, એક ઘરે થી બીજા ઘરે અલક ચલાણુ ફર્યા કરતા હોય છે. ક્યાંય સ્થિર થતા નથી. **ભીંતભડાકા** - ખૂબ જ પાસે આવીને ધડામભેર આ ફટાકડા ફોડાય છે. જેની ઉપર સૌથી વધારે શ્રધ્ધા, વિશ્વાસ હોય તેવા લોકો જ ઘરમાં ઘૂસી ધડાકા કરે છે. કુઠરાઘાત કરે છે. **ફુવારા** - ઊંચે તણખતારાની મંડળ ઉડે છે. સર્વત્ર પ્રકાશ ફેલાય છે. ઘણાંનો સ્વભાવ એવો સુંદર વર્તાય છે કે આપણે સમજીએ છીએ કે તેમના થકી મારા જીવન માં નવો પ્રકાશ મળશે, કેડી જડશે, પરંતુ હજુ તો ઘડી બે ઘડી વિચારીએ ત્યાં તો સઘળો પ્રકાશ વિલિન થઈ જાય છે. ભરોસો તૂટી જાય છે. **ડબલ ધડાકા** - અહીં ફૂટે ને પછી બીજે ફૂટે, ઘણા આવા ડબલ ઢોલકી જેવા હોય છે. બંને બાજુ ધડાકા કરે, **સુરસુરિયા** - ઘડીકમાં ફુસ થઈ જાય. **હવાઈ** - અહીં ફોડો તે ક્યાંની ક્યાં જઈને ફૂટે. ઘણા વાતો કરીને, ભરોસો આપીને ક્યાંના ક્યાં છૂ થઈ જાય. દેખાય જ નહીં. **ટેટા** - ખાલી જોર જોરથી અવાજ કરીને ફૂટયા કરે. બળ્યા કરે. જીવનમાં કોઈ દીર્ઘ દૃષ્ટિ ન હોય, સાચા સલાહ-સૂચન ન હોય, હોય ફક્ત બૂમ-બરાડા, **એટમ બોમ્બ** - ધડાકાભેર સર્વત્ર હાજરી નોંધવતો ફૂટે ઘણા એવા હોય. તેની ધાક એટલી જબરજસ્ત હોય કે તેની સામે જોતા ડર લાગે. અને ક્યાંય કંઈ બોલાઈ ગયું તો પત્યું આખું ગામ ગાજે.

પરંતુ આપણે તો બનવાનું છે **ફૂલઝડી** જેવા. જેને સળગાવતા પ્રકાશમય તણખતારા નીકળતા જાય અને એ આનંદ આપે. બીજાને પણ આનંદ આપી શકાય. વાર, તહેવાર ઉજવ્યાનો પરમ આંનદ થાય. પરમ સંતોષ થાય.

✤✤✤✤✤

# ભાગવત પ્રથમ સ્કંધ
## અધ્યાય ૮ શ્લોક ૧૮-૪૩

**- નિરૂપમા પ્રદીપ ધારીઆ (પૂના)**

અશ્વત્થામાએ ઉત્તરાના ગર્ભ પર છોડેલા બ્રહ્માસ્ત્રની અસરથી પરીક્ષિતને બચાવ્યા પછી શ્રીકૃષ્ણ દ્વારકા જવા નીકળ્યા ત્યારે પુત્રો તથા દ્રોપદી સાથે ત્યાં આવીને કુંતીએ ભગવાન શ્રી કૃષ્ણની સ્તુતિ કરી.

આપ બધાં જીવોની બહાર અને ભીતર સ્થિત છો, આપ પ્રકૃતિથી પર આદિપુરુષ પરમેશ્વર છો. હું આપને નમસ્કાર કરું છું. આપ પોતાની જ માયાના પરદાથી ઢંકાયેલા રહો છો. હું અબુધ નારી આપ અવિનાશી પુરુષોત્તમને કેવી રીતે જાણી શકું ? જેમ મૂઢ લોકો બીજો વેશ ધારણ કરેલા નટને પ્રત્યક્ષ જોવા છતાં ઓળખી નથી શકતા તેમ જ આપ પણ દેખાવા છતાં દેખાતા નથી. આપે શુધ્ધ હૃદયવાળા જીવનમુક્ત પરમહંસોના હૃદયમાં પોતાની પ્રેમમયી ભક્તિનું સર્જન કરવા અવતાર લીધો છે તો પછી અલ્પમતિ સ્ત્રીઓ આપને કેવી રીતે ઓળખી શકે ? આપ શ્રીકૃષ્ણ, વાસુદેવ, દેવકીનંદન, નંદનંદન ગોવિંદને મારા વારંવાર પ્રણામ.

**કૃષ્ણાય વાસુદેવાય દેવકીનંદનાય ચ ।**
**નંદગોપકુમારાય ગોવિંદાય નમો નમ : ।।**

જેમની નાભિમાંથી બ્રહ્માનું જન્મસ્થાન કમળ પ્રકટયું છે, જે સુંદર કમળોની માળા ધારણ કરે છે. જેમના નેત્ર કમળ જેવા વિશાળ અને કોમળ છે, જેમના ચરણકમલોમાં કમળનું ચિન્હ છે, એવા શ્રી કૃષ્ણ આપને મારા વારંવાર પ્રણામ છે.

**નમઃ પંકજનાભાય નમઃ પંકજમાલિને ।**
**નમઃ પંકજનેત્રાય નમસ્તે પંકજોધ્રંયે ।।**

જે રીતે આપે દુષ્ટ કંસે કેદ કરેલી દુઃખી દેવકીની રક્ષા કરી હતી તે જ રીતે આપે મારા પુત્રો અને મારી વારંવાર વિપત્તિઓમાં રક્ષા કરી છે. આપ જ અમારા સ્વામી છો. આપ સર્વશક્તિમાન છો. શ્રી કૃષ્ણ કેટલું ગણાવું ? વિષથી, લાક્ષાગૃહની આગથી, હિડીમ્બ જેવા રાક્ષસોથી, વનવાસની વિપત્તિઓમાં, યુધ્ધમાં મહારથીઓનાં શસ્ત્રોથી અને છેલ્લે હમણાં હમણાં અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પણ આપે જ અમારી રક્ષા કરી છે.

હે જગદ્‌ગુરુ! અમારા જીવનમાં સર્વદા ડગલે ને પગલે વિપત્તિઓ આવતી રહે કારણ કે વિપત્તિઓમાં આપના દર્શન જરૂર થાય જ છે અને આપના દર્શન થયા પછી ફરી જન્મમૃત્યુના ચક્કરમાં પડવું નથી પડતું.

**વિપદ : સન્તુ નઃ શસ્વત્તત્ર તત્ર જગદ્‌ગુરો ।**
**ભવતો દર્શનં યત્સ્યાદપુનર્ભવદર્શનમ્ ।।**

ઉંચા કુળમાં જન્મ, ઐશ્વર્ય, વિદ્યા અને સંપત્તિને લીધે જેનો ઘમંડ બહુ વધી ગયો છે તે મનુષ્ય તો આપનું નામ પણ લઈ શકતો નથી, કારણ કે આપ તો અકિંચનને જ દર્શન આપો છો. આપ તો નિર્ધનોનું પરમ ધન છો. માયાનો પ્રપંચ આપનો સ્પર્શ પણ નથી કરી શકતો. આપ તો આત્મારામ, પરમ શાંત સ્વરૂપ છો. આપ મોક્ષના અધિપતિ છો. આપને મારા વારંવાર પ્રણામ.

હું આપને અનાદિ, અનંદત સ્ર્વવ્યાપક, સર્વનિયંતા, કાલરૂપ પરમેશ્વર માનું છું. સંસારના બધાં પદાર્થ અને પ્રાણી એકબીજા સાથે ટકરાઈને એકબીજાથી વિરૂધ્ધ થઈ જાય છે. પણ આપ તો બધામાં સમાન રીતે જ રહો છો. ભગવાન ! આપ જ્યારે મનુષ્યો જેવી લીલા કરો છો ત્યારે આપ શું કરવા માંગો છો એ કોઈ નથી જાણતું. આપને ક્યારેય કોઈ પ્રિય કે કોઈ અપ્રિય નથી. આપના સંબંધે લોકોની બુદ્ધિ જ વિષમ હોય છે. આપ વિશ્વના આત્મા

છો, વિશ્વરૂપ છો, આપ જન્મ પણ નથી લેતા અને કર્મ પણ નથી કરતા. તો પણ આપ પશુ-પક્ષી, મનુષ્ય, ઋષિ, જલચર વિગેરે યોનિમાં જન્મ લો છો અને તેને અનુરૂપ દિવ્ય કર્મ કરો છો. એ આપની લીલા તો છે.

બાળપણમાં જ્યારે આપે દૂધની માટલી ફોડીને યશોદામાને ગુસ્સે કર્યા હતા અને એમણે આપને બાંધવા હાથમાં દોરડું લીધું હતું ત્યારે આપની આંખોમાં આંસુ આવી ગયા હતા. ગાલ પર કાજળ વહેવા લાગ્યું હતું. નેત્ર ચંચળ થઈ ગયા હતા અને ભયથી ભાવનાથી આપે આપનું મુખ નીચે નમાવી દીધું હતું. આપની એ દશાનું-લીલાનું ચિત્રનું ધ્યાન ધરતાં હું મોહિત થઈ જાઉં છું. જેનાથી સાક્ષાત ભય પણ ભય પામે છે તેની આ દશા આપે અજન્મા હોવા છતાં પણ જન્મ કેમ લીધો એના કારણમાં કોઈ કોઈ મહાપરુષ કહે છે કે જેમ મલયાચલની કીર્તિનો વિસ્તાર કરવા એમાં ચંદર પ્રકટ થાય છે, તેમ આપના પ્રિય ભક્ત પુણ્યશ્લોક રાજા યદુની કીર્તિ પ્રસરાવવા માટે જ આપે એના વંશમાં જન્મ લીધો છે. ઘણાં લોકો કહે છે કે આપ પાસેથી આ જ વરદાન પ્રાપ્ત કર્યું હતું. તેથી આપ અજન્મા હોવા છતાં પણ જગતના કલ્યાણ અને દૈત્યોના નાશ કરવા તેમના પુત્ર બન્યા છો. કોઈ કોઈ એવું પણ કહે છે કે આ પૃથ્વી દૈત્યોના અત્યંત ભારથી સમુદ્રમાં ડૂબતા જહાજની જેમ ડગમગાતી હતી, પીડાતી હતી, ત્યારે બ્રહ્માની પ્રાર્થનાથી પૃથ્વીનો ભાર ઉતારવા આપ પ્રગટ થયા. કોઈ એમ કહે છે કે જે લોકો આ સંસારમાં અજ્ઞાન, કામના અને કર્મોના બંધનમાં જકડાઈને પીડાય છે તેમને શ્રવણ અને સ્મરણ કવા યોગ્ય લીલા કરવાના વિચારથી આપે જન્મ લીધો છે. જે ભક્તજન વારંવાર આપના ચરિત્રનું શ્રવણ, કીર્તન, સ્મરણ કરીને આનંદિત થાય છે તે જ આપના એ ચરણકમલનું દર્શન કરી શકે છે જે જન્મ, મૃત્યુના પ્રવાહને સદા માટે રોકી દે છે.

ભક્ત માટે કલ્પતરુ એવા પ્રભુ! શું હવે આપ આપના આશ્રિત એવા અમને છોડીને જવા માંગો છો ? આપ જાણો છો કે આપના ચરણકમલ સિવાય અમારે બીજો કોઈ સહારો નથી. પૃથ્વીના રાજાઓના તો અમે આમ પણ વિરોધી થઈ ગયા છીએ. જેમ જીવ વગર ઈંદ્રિયો શક્તિહીન થઈ જાય છે તેમ જ આપના દર્શન વગર રઘુવંશીઓ અને મારા પુત્રોના નામ તથા રૂપનું અસ્તિત્વ જ શું? ગદાધર! આપના વિલક્ષણ ચરણચિન્હોથી ચિન્હીત આ દેશની ભૂમિ આજે જેવી શોભે છે તેવી આપના ગયા પછી નહીં રહે. આપની દૃષ્ટિના પ્રભાવથી જ આ દેશ ધાન્ય અને લતાવૃક્ષથી સમૃધ્ધ છે. આ વન, પર્વત, નદી, સમુદ્ર પણ આપની દૃષ્ટિથી જ વૃધ્ધિ પામે છે. આપ વિશ્વના સ્વામી છો, વિશ્વના આત્મા છો અને વિશ્વરૂપ છો. યદુવંશીઓ અને પાંડવોમાં મને બહુ મમત્વ જાગ્યું છે. કૃપા કરીને આપ સ્વજનો સાથે જોડાયેલા આ સ્નેહના તંતુને દૃઢતાથી કાપી નાખો. શ્રીકૃષ્ણ! જેમ ગંગાની અખંડ ધારા સમુદ્રમાં પડતી રહે છે તેમ જ મારી બુદ્ધિ કોઈ બીજી બાજુ ન જતાં આપને જ નિરંતર પ્રેમ કરતી રહે. શ્રી કૃષ્ણ! અર્જુનના પ્યારા સખા! યદુવંશશિરોમણી આપ પૃથ્વીના ભારરૂપ રાજવેશધારી દૈત્યોને બાળવા માટેના અગ્નિસ્વરૂપ છો. આપની શક્તિ અનંત છે. ગોવિંદ! આપને આ અવતાર ગાય, બ્રાહ્મણ અને દેવતાઓના દર્દ મટાડવા માટે જ છે. યોગેશ્વર! અખિલ સચરાચરના ગુરુ, ભગવાન, હું આપને નમસ્કાર કરું છું.

આમ કુંતીએ મધુર ભાષામાં ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું વર્ણન કર્યું ત્યારે તેઓ પોતાની માયાથી એને મોહિત કરતાં મંદ મંદ હાસ્ય કરવા લાગ્યા. ☆☆☆

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીયા (ધરીવાળા)
# પુરુસ્કૃત ૬૭મો વાર્ષિક રસોત્સવના મુખ્ય મહેમાન
## શ્રી વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી) નો પરિચય



મુ. કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) તથા મુ. શાંતાબેનના લાડકવાયા સંતાન કે જેમનો જન્મ બાલાસિનોર મુકામે નવેમ્બર ૨૯ને ૧૯૪૩ના રોજ થયો. ઈન્ટર કોમર્સ વડોદરા મુકામે કરી જીવન સફર શરૂ કરવા માટે તેઓ ૧૯૬૩માં મુંબઈને પોતાની કર્મભૂમી બનાવવા આવી પહોંચ્યા. મુ. મામાશ્રીઓની ત્યાં બે-બે વર્ષ સુધી રહ્યા અને ચાર વર્ષ મે. ઈન્ડિયા ઈલેક્ટ્રો ટ્રેડર્સમાં નોકરી કરી. ત્યાબાદ સ્વનિર્ભર બનવા ૧૭ ફેબ્રુઆરી ૧૯૬૭ને વસંત પંચમીએ 'અનિક ટ્રેડ એજન્સી' ના નામથી વ્યવસાય શરૂ કર્યો. ત્રણ માસ બાદ એટલે કે ૧૭ મે ૧૯૬૭ના રોજ મુ. નટવરલાલ મોજીલાલ ધારીયા (હાલોલવાળા) તથા હસમુખબેનના સુપુત્રી આશાબેન સાથે લગ્ન જીવનની શરૂઆત કરી. આશાબેન સાથે લગ્ન જીવન સહવાસમાં દરમિયાન દીકરો ચિ. આશિષ તથા દીકરી ચિ. અમી જેવા સુંદર સંતાનોના પિતા બન્યા. આશિષભાઈ MBA થઈ ડાયમંડ બિઝનેસ સાથે સંકળાયેલા છે. આશિષભાઈના ધર્મપત્ની હેમાલીબેન તથા તેમના વ્હાલસોયા બે સંતાનો અનુષ અને અનાયા સાથે તેઓ પિતાશ્રીની સાથે જ રહે છે. આપની પુત્રી ચિ. અમી, ચેતન બાબુલાલ મીસ્ત્રી સાથે લગ્ન કરી તેઓના બે સંતાનો પુત્ર પ્રણય અને પુત્રી અલૌમી સાથે યુ.એસ.એ. સ્થિત સ્થાઈ થયેલા છે.

ડિસેમ્બર ૧૯૮૭માં આપના પૂજ્ય મામાશ્રી નવનીતલાલ ના સ્વર્ગવાસ બાદ પૂજ્ય મામી સરલાબેનના આગ્રહ અને સૂચનને માન આપતા જ્યાં નોકરી કરતા હતા ત્યાં જ ભાગીદારીમાં વ્યવસાય શરૂ કરી ધંધાનો ખુબ જ ઉત્સાહ અને ખંતથી વિસ્તૃત કર્યો. જે આજ દીન પર્યંત નિસ્વાર્થ ભાવે જવાબદારી સુપેરે નિભાવી છે.

આપશ્રીએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત પોસ્ટ ગ્રેજ્યુએટ ટેક્સબુક સ્કીમ હેઠળ શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) તથા પરિવારે રૂપિયા ૭,૫૦,૦૦૦/- નું દાન આપેલ છે. તદ્ઉપરાંત આપશ્રીએ બાલાસિનોર કે.એમ.જી. હોસ્ટપિલ, શ્રી બાલાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ, શ્રી બાલાસિનોર કેળવણી મંડળ, શ્રી બાલાસિનોર દશાનીમા નવયુવાન મંડળ / મેડિકલ ટ્રસ્ટ, શ્રી બાલાસિનોર વિદ્યા મંડળ જેવી સંસ્થાઓમાં પણ માતબર દાન આપેલ છે. હાલમાં તેઓ કે.એમ.જી. હોસ્પિટલમાં કારોબારી સભ્ય છે, લગ્ન રાહત સ્કીમમાં નિસ્વાર્થ ભાવે સેવાઓ આપી રહ્યા છે. તદ્ઉપરાંત શ્રી બાલાસિનોર નવયુવક મેડિકલ ટ્રસ્ટમાં ૫ વર્ષ સુધી ખજાનચી પદ શોભાવ્યા બાદ આજે પણ સંસ્થા સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. સાંસ્કૃતિક મંડળમાં છેલ્લા ૧૫ વર્ષથી સતત કારોબારી સભ્ય તરીકેની આપની કામગીરી ઉમદા રહી છે.

પરમકૃપાળુ પરમાત્મા સદાય આપને ઉમદા કાર્ય કરવાની શક્તિ તથા પ્રેરણા આપતા રહે તેવી શુભેચ્છા સાથે મુ. શ્રી વિરેન્દ્રભાઈ કંચનલાલ ગાંધી (સુરતી) મુખ્ય મહેમાન તરીકે આપણી વચ્ચે ઉપસ્થિત છે તે માટે સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે.

# SHREE BALASINOR NAVYUVAK SANGH ORGANIZED

## SMT. MANORAMABEN HASMUKHLALDHARIA (SURATWALA)

## SPONSOR

## BNS LALKHA BERA TOURNAMENT 2018-19

## TURF CRICKET

We have played single wicket, Double wicket & T20 in the past, Now for the first time in Shree BalasinorNavyuvakSangh Cricket history, we are organizing "BNS LALKHA BERA TOURNAMENT" TENNIS TURF CRICKET for the year 2018-19 in place of BNS LalkhaBera T20. The above tournament will be held on 1st or 2nd week of December. The duration of the tournament will be 2 days maximum & which will be played on weekends only. We request all too actively participate in this tournament & make it grand success. Those interested please register their names.

Last date for filling the form will be 30th November 2018. Fees will be **Rs. 500.00** for the entire tournament.

Those interested in participating in the above tournaments can register their name with **Mr. Ripal Parikh – 9820176092, Mr. RikitMody – 9820782804, Mr. UrmilKadakia – 9819183379, ApurvaDharia – 9833103506**

**Shri Bhavesh Modi (Secretary)** **Shri Ripal Parikh (Convener)**

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co., ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૪૦૦૦૦૩, મોબાઈલ નંબર - ૯૮૨૧૧૧૦૭૪૭/૯૮૩૩૮૬૭૬૦૧. **Email : aydharia@gmail.com** ને મોકવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - અલ્પેશ ધારીઆ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાળા) આયોજીત
# શ્રી નટવરલાલ મોદી (જનસાથી)
# બી.એન.એસ. જનસાથી ટ્રોફી

સેન્ટ્રલ રેલ્વે (લોઅર પરેલ ખાતે) ટ્રોફીનું શુભારંભ તા. ૬-૧૦-૨૦૦૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે. તે પછીની તારીખો ૭-૧૦-૨૦૧૮, ૧૩-૧૦-૨૦૧૮, ૧૪-૧૦-૨૦૧૮, ૨૦-૧૦-૨૦૧૮ અને ૨૧-૧૦-૨૦૧૮. **ટ્રોફીની ફાઈનલ તા. ૨-૧૨-૨૦૦૮** રવિવારના રોજ હીન્દુ જીમખાના મરીન લાઈન્સ ખાતે યોજાશે.

૪ ટીમોની વિગતો આ પ્રમાણે છે.

### બાલાસિનોર લાયન્સ

૧. શ્રી રીકીત મોદી (કેપ્ટન)
૨. શ્રી તેજસ શાહ
૩. શ્રી પૂરવ પરીખ
૪. શ્રી ભાવિક ધારીઆ
૫. શ્રી વિસ્મય ચોકસી
૬. શ્રી રીપલ પરીખ
૭. શ્રી રોહન દેસાઈ
૮. શ્રી દક્ષિત ગાંધી
૯. શ્રી અમન ધારીઆ
૧૦. શ્રીકુશલ મોદી
૧૧. શ્રી જીમીશ કડકીઆ
૧૨. શ્રી ચિંતન કડકીઆ
૧૩. શ્રી બીરજુ મોદી

### બાલાસિનોર ડાયના મીક્સ

૧. શ્રી કીંજલ પરીખ (કેપ્ટન)
૨. શ્રી નીલ્પેશ મોદી
૩. શ્રી રોનક પરીખ
૪. શ્રી દેવલ મહેતા
૫. શ્રી આર્યન પરીખ
૬. શ્રી કનીષ પરીખ
૭. શ્રી અંકુર પરીખ
૮. શ્રી ઉત્સવ મોદી
૯. શ્રી દેવાંગ પરીખ
૧૦. શ્રી સાહીલ દેસાઈ
૧૧. શ્રી સમીર દેસાઈ
૧૨. શ્રી અમન કડકીઆ
૧૩. શ્રી મિતેષ પરીખ
૧૪. શ્રી નિષીત પરીખ

| બાલસિનોર અંડર ડોગ્સ | | બાલાસિનોર ટ્રાયડેન્ટસ | |
|---|---|---|---|
| ૧. | શ્રી અપૂર્વ ધારીઆ (કેપ્ટન) | ૧. | શ્રી રોહન ધારીઆ (કેપ્ટન) |
| ૨. | શ્રી પાર્થ ધારીઆ | ૨. | શ્રી પ્રિતેશ ઠક્કર |
| ૩. | શ્રી ચિરાગ દેસાઈ (રીંકુ) | ૩. | શ્રી ચિરાગ પરીખ |
| ૪. | શ્રી અશ્વિન કડકીઆ | ૪. | શ્રી સચીન મહેતા |
| ૫. | શ્રી રીતેશ કડકીઆ | ૫. | શ્રી જીગર પરીખ |
| ૬. | શ્રી આયુશ પરીખ | ૬. | શ્રી ધરવ પરીખ |
| ૭. | શ્રી સલીલ દેસાઈ | ૭. | શ્રી જીમીશ દેસાઈ |
| ૮. | શ્રી રૂચીત દોશી | ૮. | શ્રી સોહીલ દેસાઈ |
| ૯. | શ્રી ચેતન કડકીઆ | ૯. | શ્રી તીર્થ દેસાઈ |
| ૧૦. | શ્રી મીતેન પરીખ | ૧૦. | શ્રી પૃથ્વી પરીખ |
| ૧૧. | શ્રી નિહાર કડકીઆ | ૧૧. | શ્રી દર્શ મોદી |
| ૧૨. | શ્રી રોમીલ ધારીઆ | ૧૨. | શ્રી રાહુલ મેદરા |
| ૧૩. | શ્રી હિમાંશુ મોદી | ૧૩. | શ્રી કાર્તિક પરીખ |
| ૧૪. | શ્રી જય દોશી | | |

આ ટુર્નામેન્ટ માટે ૪ ઉદારદીલ દાતાઓએ રૂા. ૨૫,૦૦૦/-નું માતબર દાન આપ્યું છે. તેમના નામ નીચે મુજબ છે.

**૧. એક શુભ ચિંતક**

**૨. શ્રી પ્રતીક મહેતા / શ્રી પ્રિતેશ ઠક્કર**

**૩. શ્રી ભાવીક ધારીઆ / શ્રી અંકુર પરીખ**

**૪. એક શુભચિંતક**

- **એક સદગૃહસ્થ તરફથી રૂા. ૫,૦૦૦/-** ટ્રોફી માટે ફાળવવામાં આવ્યા છે.

સંસ્થા સહુ દાતા અને તેમના પરિવારજનનો આભાર માને છે.

સંસ્થા વતી સૌ પ્રેક્ષકોને વિનંતી કે વધુમા વધુ હાજરી આપી સૌનો ઉત્સાહ વધારે.

**મંત્રી** — **શ્રી ભાવેશ બીપીન મોદી**

**કન્વીનર** — **શ્રી રીપલ બીપીન પરીખ**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## 'દિવાળી સ્નેહ સંમેલન'

**તારીખ : ૨૨મી નવેંબર ૨૦૧૮, ગુરૂવાર**
**સમય : બપોરે ૨.૩૦ કલાકે**
**સ્થળ : ભારતીય વિદ્યા ભવન, ચોપાટી**

મુંબઈ તથા પરામાં રહેતી આપણી જ બહેનો સખત મહેનત કરી Choreographer કૌમી શાહ તથા Organizer અલ્પા કડકીઆના માર્ગદર્શન હેઠળ એક સુંદર **'નૃત્ય નાટિકા'** તૈયાર કરી રહ્યા છે.

**કાર્યક્રમના મુખ્ય મહેમાન : શ્રીમતી અરૂણાબેન રમેશચંદ્ર કડકીઆ (ધરીવાલા)**


સ્નેહ સંમેલનના પાસ તારીખ ૧૩ નવેંબર મંગળવારે બપોરે ૩ થી ૪.૩૦ કલાકે સંસ્થાની ઓફિસમાં ૬ મેમ્બરશીપ કાર્ડ સામે ૬ પાસ. વહેલો તે પહેલો ધોરણે આપવામાં આવશે.


પાસના દર - નીચેના - રૂા. ૨૦૦/-
ઉપરના - રૂા. ૧૫૦/-

ગેસ્ટ પાસ શક્ય હશે તો રૂા. ૨૦૦ લઈ આપવામાં આવશે.

**-અલ્પા ધારીઆ**

## રંગોળી





# સંવત ૨૦૭૪ના નવા વર્ષના શુકનવંતા ચોપડાઓ નોંધાવવાના/ લઈ જવાના તથા લક્ષ્મી પૂજન તથા શારદા પૂજનનાં શુભ મુહૂર્તો

- ગોર શ્રી ગોપાલ ભટ્ટ

**દશેરા : સંવત ૨૦૭૪ આસો સુદ ૯/૧૦, ગુરુવાર તા. ૧૮-૧૦-૨૦૧૮**

વિજય મુહૂર્ત : બપોરે ૧૪.૧૮ થી ૧૫.૦૪

ચોઘડિયા : **શુભ** - સવારે ૦૬.૩૫ થી ૦૮.૦૨ **ચલ,લાભ,અમૃત** - સવારે ૧૦.૫૭ થી ૧૫.૧૯
**શુભ, અમૃત, ચલ** - સાંજના ૧૬.૪૫ થી ૨૧.૧૮

**પુષ્ય નક્ષત્ર : સંવત ૨૦૭૪ આસો વદ ૭, બુધવાર તા. ૩૧-૧૦-૨૦૧૮**

**ચોપડા ખરીદવાનો, ઓર્ડર આપવાનો, પૂજન માટેનો શુભ દિવસ**

વિજય મુહૂર્ત : બપોરે ૧૨.૧૦ થી ૧૨.૩૪

ચોઘડિયા : **લાભ, અમૃત** - સવારે ૦૬.૪૦ થી ૦૯.૩ **ચલ, લાભ** - બપોરે ૧૫.૧૪ થી ૧૮.૦૬
**શુભ, અમૃત, ચલ** -સાંજના ૧૯.૪૦ થી ૨૨.૪૯

**ધનતેરસ : સંવત ૨૦૭૪ આસો વદ ૧૩, સોમવાર તા. ૦૫-૧૧-૨૦૧૮**

**શ્રી યંત્ર પૂજન, ધન્વંતરી પૂજન, ચોપડા લાવવા ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન કરવું.**

વિજય મુર્હૂત : બપોરે ૧૨.૧૦ થી ૧૩.૩૪

ગોરજ સમય : સાંજે ૬.૦૦ કલાકે

ચોઘડિયા : **અમૃત** - સવારે ૦૬.૪૨ થી ૦૮.૦૭ **શુભ** - સવારે ૦૯.૩૨ થી ૧૦.૫૮
**ચલ,લાભ, અમૃત** - બપોરે ૦૧.૪૮ થી ૦૬.૦૩ **ચલ** - ૦૬.૦૩ થી ૦૭.૩૮
**લાભ** - રાતના ૧૦.૪૮ થી ૧૨.૨૩

**દિપાવલી : સંવત ૨૦૭૪ આસો વદ ૩૦ બુધવાર, તા. ૦૭-૧૧-૨૦૧૮**

**આસો વદ અમાવસ્યા ૭-૧૧-૨૦૧૮, બુધવાર સાંજના અમાસ પ્રદોષકાળ યુક્ત અમાવસ્યા હોવાથી આ દિવસે લક્ષ્મીપૂજન કરવું, ચોપડા પૂજન કરવું શાસ્ત્ર શુધ્ધ છે.**

**દિપ પ્રાગટય ઉત્સવ, મહાલક્ષ્મી પૂજન, કૂબેર પૂજન, શારદા પૂજન, ચોપડા પૂજન**

વિજય મુહૂર્ત : બપોરે - ૧૨.૧૦ થી ૧૨.૩૪

પ્રદોષ કાળ : સાંજે ૧૮.૦૨ થી ૨૦.૩૪

ગોરજ સમય : સાંજે - ૬.૦૦ કલાકે

ચોઘડિયા : **લાભ,અમૃત**- સવારે ૦૬.૪૩ થી ૦૯.૩૩ **શુભ** - સવારે ૧૦.૫૮ થી ૧૨.૨૩
**ચલ,લાભ** - સાંજે ૦૪.૩૮ થી ૦૬.૦૨ **લાભ** - બપોરે ૧૨.૨૪ થી ૦૧.૫૧
**શુભ, અમૃત, ચલ** - સાંજે ૦૭.૩૮ થી ૧૨.૩૦

**લગ્ન શુધ્ધિ શુભ મુહૂર્ત**

| | | | | |
|---|---|---|---|---|
| ૧) | કુંભ લગ્ન | કુંભ નવમાંશ | બપોરે | ૧૪.૨૧ થી ૧૪.૩૨ |
| ૨) | કુંભ લગ્ન | કુંભ નવમાંશ | બપોરે | ૧૪.૫૩ થી ૧૫.૦૩ |
| ૩) | વૃષભ લગ્ન | કુંભ નવમાંશ | સાંજના | ૧૮.૪૯ થી ૧૮.૫૭ |
| ૪) | વૃષભ લગ્ન | વૃષભ નવમાંશ | સાંજના | ૧૯.૨૩ થી ૧૯.૩૬ |
| ૫) | વૃષભ લગ્ન | સિંહ નવમાંશ | રાતના | ૨૦.૦૩ થી ૨૦.૧૭ |

## બેસતુ નવું વર્ષ : વિક્રમ સંવત ૨૦૭૫ કારતક સુદ -૧, ગુરુવાર, તા. ૦૮-૧૧-૨૦૧૮

**સ્નેહ મિલન, ચોપડામાં મિતિ નાખવી, વડીલો, ગુરુના આશિર્વાદ લેવા.**

વિજય મુહૂર્ત : બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

ગોરજ સમય : સાંજના ૧૮.૦૦

ચોઘડિયા : **શુભ** - સવારે ૦૬.૪૪ થી ૦૮.૦૮

**ચલ, લાભ, અમૃત** - સવારે ૧૦.૫૮ થી ૧૫.૧૨

**શુભ** - બપોરે ૧૬.૩૭ થી ૧૮.૦૨

## લાભ પાંચમ - સંવત ૨૦૭૫, કારતક સુદ-૫, સોમવાર, તા. ૧૨.૧૧.૨૦૧૮

**તુલા પૂજન, કાંટા પૂજન, ચોપડા પૂજન, મિતિ નાખવી, ગુરુ, વડીલોના આશિર્વાદ લેવા**


વિજય મુહૂર્ત : બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

ગોરજ સમય : સાંજના ૧૮.૦૦


ચોઘડિયા : **અમૃત** - સવારે ૦૬.૪૩ થી ૦૮.૧૦

**શુભ** - સવારે ૦૯.૩૪ થી ૧૦.૫૯

**ચલ, લાભ, અમૃત** - બપોરે ૧૩.૪૮ થી ૧૮.૦૧



**રં ગો ળી**



# વૈભવની દેવી શ્રી લક્ષ્મી

વૈભવની દેવીને લક્ષ્મીનું નામ આપ્યું છે. તે સૌંદર્યની દેવી, વંશ વૃદ્ધિની દેવી છે. લક્ષ્મીના જન્મની કથા સમુદ્રમંથન સાથે જોડાયેલી છે. દેવો ને દાનવોના ક્ષીરસાગરના મંથન વખતે ચૌદ રત્નોમાંથી એક લક્ષ્મીદી પણ હતા. લક્ષ્મીજી મૂળ તો ભૃગુ ઋષિના પુત્રી હતા. એકવાર ભૃગુ ઋષિ ક્રોધે ભરાયા ને તેમણે બધા દેવોને શ્રાપ આપી દીધો. આ શ્રાપથી બચવા માટે લક્ષ્મીજી સમુદ્રમાં છુપાઈ ગયાં. દેવો પર દુર્વાસા ઋષિએ ક્રોધ વરસાવ્યો ને દેવો ક્ષીણ થવાની બીકમાં ભગવાન વિષ્ણુ પાસે ગયાં ને તેમણે ઉપાય બતાવ્યો કે અમૃતનું પાન કરવું પડશે. દેવો ને અસુરો સાથે ક્ષીર સમુદ્રનું મંથન શરૂ થયું. એમાં ચૌદ રત્નોમાંના શ્રી લક્ષ્મીદેવી પણ પ્રગટ થયા.



# ‘દીવા’

- નિમિષા જીજ્ઞેષ કડકીઆ (મરઘા)

અંધકાર પર પ્રકાશના વિજયનું પર્વ એટલે દીવાળી. અંધકાર પર વિજય પામવાનું સાધન એટલે **‘દીવો’**, પ્રાચીન કાળથી જ આપણા જીવનમાં દીવાનું ખૂબ જ મહત્ત્વ રહ્યું છે. જ્યારે ઈલેકટ્રીકસીટી નહોતી ત્યારે તો રોજીંદા કાર્યો દીવા કે ફાનસના પ્રકાશમાં જ થતા.


આજના યુગમાં હવે દીવાનો ઉપયોગ મર્યાદિત થઈ ગયો છે, તો પણ વાર-તહેવારે, મંદિરોમાં, પાણીયારે, નદીઓનાં પૂજનમાં, ધાર્મિક વિધિઓમાં દીવાનો ઉપયોગ થાય છે. આજના ઈન્ટરનેટના જમાનામાં જ્યાં ચારેબાજુ LED લાઈટોનો ઝળહળાટ પથરાયેલો છે ત્યારે પણ દીવાળીમાં આંગણે, દીવા જ પ્રગટાવાય છે. આજકાલ તો ભાતભાતના સુંદર દીવા મળે છે.

એવુ કહેવાય છે કે શ્રી રામચંદ્રજી લંકા-વિજય પછી જ્યારે અયોધ્યા પધાર્યા, ત્યારે એમના સ્વાગતમાં અયોધ્યાવાસીઓએ આનંદ વિભોર થઈને દીવડા પ્રગટાવીને ઉત્સવ મનાવ્યો હતો. ત્યારથી દીવાળીનો તહેવાર દીવડા પ્રગટાવી મનાવાય છે.

દીવાળીમાં દીવા પ્રગટાવવાથી આપણું ઘર-આગણું શોભાયમાન બને છે. આપણું મન આહ્‌લાદકતા અનુભવે છે. આપણું હૃદય સ્નેહ અને સદ્‌ભાવથી સભર થાય છે. સામાજીક જીવનને નવી જ્યોતિ મળે છે. નવા વર્ષના કર્તવ્યોને પૂર્ણ કરવાનું બળ મળે છે.

# ભાગ્યના હાથની રેખાઓ ક્યાં છે ?

- તંત્રી મંડળ તરફથી




**રેખાઓનો નામઃ**

(૧) જીવન રેખા
(૨) મંગળ રેખા
(૩) મસ્તક રેખા
(૪) હૃદય રેખા
(૫) ભાગ્ય રેખા
(૬) રવિ (સૂર્ય) રેખા
(૭) સ્વાસ્થ્ય રેખા
(૮) વિચાર રેખા
(૯) સંતાન રેખા // (બંને)
(૧૦) વિકાર રેખા
(૧૧) આત્મસ્ફૂરણ રેખા (અંતઃસ્ફૂરણ)
(૧૨) મણિબંધ રેખાઓ
(૧૩) શનિની મુદ્રિકા (વલય)
(૧૪) ગુરુની મુદ્રિકા (કંકણ)
(૧૫) શુક્રની મુદ્રિકા (વલય)

## હસ્તા અક્ષર

દિવાળી તારીખે લટકતી હોય,
ખાલીખમ વીશીસ ફરકતી હોય,
કંકુ વર્ણે ખોટા હોય,
ફૂલો સુગંધે ઓછા હોય,
મિઠાઈમાં સઘળી હેરાફેરી હોય,
સંબંધોની સઘળી બાદબાકી હોય,
કળિયુગની સત્તા શાણી હોય,
માણસાઈની લાપરવાહી હોય.

**દર્દી** : ‘ડૉક્ટર સાહેબ, દવા આપો. હમણાં હમણાં યાદ શક્તિ ઓછી થઈ ગઈ છે.’
**ડોક્ટર** : ‘પહેલા ૫૦૦ રૂપિયા આપો પછી દવા આપું.’

---

**દાદાજી** : ‘બેટા, સંતાઈ જા, ઓલી બાજુથી ટ્યુશન ટિચર આવે છે.’
**પૌત્ર** : ‘દાદાજી, તમે સંતાઈ જાવ.’
**દાદાજી** : ‘કેમ’ ?
**પૌત્ર** : ‘કાલે જ કહીને આવ્યો છું, દાદાજી ગુજરી ગયા છે, હું ચાર દિવસ નહીં આવું.’

# જીવનને સમૃધ્ધ બનાવવાની શૈલી

**- શ્રી કિરીટ ધારીઆ**

માણસનાં મનમાં એટલી બધી શક્તિ છે. તેના જીવનમાં સુખ હોય કે દુઃખ હોય તે મનનું સંતુલન ગુમાવતો નથી. તે સુખ અને દુઃખને સાપેક્ષ માને છે.

હા, તમે બ્રહ્માંડની દ્રષ્ટિએ જુઓ. કશું નિરપેક્ષ નથી. પોતાના જ વિચારો અને માન્યતાઓ ને વળગી રહી અન્યના વિચારો અને માન્યતાઓને માન આપવું જોઈએ, કદાચ તે સાચા હોઈ શકે.

સત્યને પામવાના ઘણા રસ્તાઓ છે. પોતાની જ વાત સાચી છે એવો આગ્રહ સેવવો તે વ્યવસ્થિત જીવનમાં અડચણરૂપ છે. પોતાના કક્કો સાચો જ માનનાર ભૌતિક અને આધ્યાત્મિક વિકાસમાં બાધક નીવડે છે. આપણે જેમ નિષ્પક્ષ રીતે જોઈએ છે, તે પ્રમાણે બધાને માટે સમાનતાની ભાવના રાખવાથી શાંતિ મળે અને દુશ્મનાવટ દૂર થાય. અંતે તો દરેક પળ ખુશીથી જીવાય અને શાંતિ ને પ્રાપ્ત કરાય.

અજ્ઞાની વ્યક્તિ કર્મના ઉદય સમયે રડે છે. જ્ઞાની વ્યક્તિ કર્મના બંધ સમયે રડે છે. પાપ તો આખરે પુકારે જ છે. આ લોક કે પરલોકમાં સ્વર્ગ-નરક છે ક્યા ? ક્યા કર્મનું કેવું ફળ મળે !

જે કર્મે જાણતા અજાણતા થઈ ગયા છે. એના પ્રાયશ્ચિત, એના ફળમાંથી સંપૂર્ણ મુક્તિ નહીં, તો પણ એમાંથી રાહત અને નિવારણ માટે આપણા શાસ્ત્રમાં ઉપાયો છે. પરંતુ આ કર્મચક્રમાંથી બહાર નીકળી જવાનો કિમિયો આપણી આધ્યાત્મિક પરંપરાની પરાકાષ્ઠા છે.

જે કલેશ ઉપજાવે તે નરક છે. સ્વર્ગ અને નરક એ મનની સ્થિતિ છે. ક્યારે અને કેવા કર્મો કરે છે. એનો હિસાબ કેવી રીતે રાખી શકે ? દરેકની અંદર એક મેમરી બેન્ક છે.

ભારતીય સંસ્કૃતિનો સાચો આત્મા, ત્યાગ વૃત્તમાં સમાયેલો છે.

## જીવનને સમૃદ્ધ બનાવાની જીવન શૈલી

- સારા વક્તાની મૂડી આટલી, નિર્મળવાણી, નિજાનંદ સ્વભાવ, સ્પષ્ટ વિચાર અને સ્પષ્ટ કથન, રમણીય ભાષા અને નિતાંત હિતકારી અંતર.

## આધ્યાત્મિક વિકાસ માટે આવશ્યક

(૧) મૈત્રી ભાવના

(૨) ગુણ પ્રમોઈ

(૩) કરુણા

(૪) મધ્યમભાવના પરોપકાર, જેવો કોઈ ધર્મ નથી.

- સમાજ બદલવા કરતાં, સમજ બદલવાની જરૂર છે.
- આપણને ફરિયાદ છે કે કોઈને, અમારા વિશે સુઝયું નથી અરે ! અમને તો કેમ છો ? એટલું ય કોઈએ પૂછયું નથી.
- આનંદમય મન એ શુકન, ખિન્ન મન એ અપશુકન.
- એક ક્ષણનું મહત્વ કેટલું છે, એટલું સમજવા વર્ષોના વર્ષો વીતી જાય છે.

**સત્ય બધાં મૂલ્યોનો પાયો છે.**
**આદરમાન બધાં મૂલ્યોની ઘોષણા કરે છે.**
**ધીરજ બધાં મૂલ્યોનો કિલ્લો છે.**
**પવિત્રતા બધાં મૂલ્યોની માતા છે.**
**હિંમત બધાં મૂલ્યોનું હૃદય છે.**
**પ્રેમ બધાં મૂલ્યોની રાણી છે.**
**શાંતિ બધાં મૂલ્યોનો રાજા છે.**
**પ્રમાણિકતા બધાં મૂલ્યોનો ગુરૂ છે.**


❖ ❖ ❖ ❖ ❖

# લિટલ માસ્ટર્સ

## ગ્રીટીંગ કાર્ડ

શચી - ક્રીશા - પલ - હર્ષિલ

**જાતે બનાવો, સાથે ફોટો પાડો, ફ્રેન્ડસ્‌ને પોસ્ટ કરો**




# HAPPY NEW YEAR

ઉપર દોરેલા ચોરસમાં ખાના ના નંબર પ્રમાણે નીચે આપેલી વિગત મુજબ દોરો. દરેક આકાર ખાનામાં લાઈન ને અંદરથી અડે તે રીતે મોટા દોરો.

૧. આ ખાનામાં એક ચોરસ દોર્યું છે. આ ચોરસની અંદર એક ગોળાકાર જેમ્સ પીપર દોરો. આ રીતે બીજાબધા ખાનાની વિગત પ્રમાણે દોરવું.

૨. ગોળાકાર દોરો, બરાબર વચ્ચે એક ઊભી લાઈન દોરો. (બે અર્ધવર્તુળ સામસામે થશે.)

૩. થોડા થોડા અંતરે બે ઊભી લાઈન દોરો, તે જ પ્રમાણે તેના પર બે આડી લાઈન દોરો. (ચોરસની અંદરની લાઈનોને અડે તેટલી મોટી દોરવી.)

૪. નીચેની લાઈનના બંને છેડા ના પોંઈટ થી ચાલુ કરી ઉપરની લાઈન સુધી અડે તેવું ત્રિકોણ બનાવો. વચ્ચે એક ઊભી લાઈન દોરો. સામસામા બે ત્રિકોણ થશે.

૫. મનગમતો દિવો દોરો.

૬ નંબર ચાર (૪) પ્રમાણે પરંતુ ઊંધું ત્રિકોણ દોરો. વચ્ચે એક આડી લાઈન દોરો.

૭. એક ફૂલ દોરો. (Flower)

૮. નંબર ૨ પ્રમાણે એક ગોળાકાર દોરો. બરાબર વચ્ચે એક આડી લાઈન દોરો.

૯. એક 'સ્માઈલી'  દોરો.

૧૦. દરેક આકારમાં મનગમનતા રંગ પૂરો

૧૧. દરેક આકારની બહાર અલગ અલગ રંગ પૂરો.

૧૨. બધા આકાર અને આખા ચિત્રને ડાર્ક બોર્ડર આપો.

૧૩. તમારા બનાવેલા ગ્રીટીંગ કાર્ડ સાથે ફોટો પાડો અને ફ્રેન્ડસ્ ને મોકલાવો.

# Match The Golden Pairs

| | | | |
|---|---|---|---|
| 1. | Jocker | (A) | Festival of Lights |
| 2. | Cake | (B) | Uniform |
| 3. | Diwali | (C) | Mountain |
| 4. | Sea | (D) | Festival of Colours |
| 5. | Himalaya | (E) | King |
| 6. | Holi | (F) | Circus |
| 7. | School | (G) | Shark fish |
| 8. | Books | (H) | Entertainment |
| 9. | Queen | (I) | Stories |
| 10 | Movie | (J) | Candle |

**Answer** : 1-(F), 2 -(J), 3-(A), 4 -(G), 5 -(C), 6 - (D), 7 -(B), 8-(I), 9-(E), 10 (H)


ભારત માતા કી જય

# જોડી જોડો

| | | | |
|---|---|---|---|
| (૧) | નથી જાણ્યું અમારે પંથ શી આફત પડી છે<br>ખબર છે એટલે કી માતની હાકલ પડી છે. | (A) | લોકમાન્ય બાળગંગાધર તિલક |
| (૨) | સત્યાગ્રહનું અહિંસક આંદોલન | (B) | દાંડીકૂચ, સવિનય કાનૂન ભંગ |
| (૩) | ૧૨મી માર્ચ, ૧૯૩૦ | (C) | હિંદ છોડો ચળવળ |
| (૪) | ઈન્કલાબ ઝિંદાબાદ | (D) | સ્વાતંત્ર્ય દિન |
| (૫) | સ્વરાજ મારો જન્મસિધ્ધ હક્ક છે, હું તે મેળવી ને જંપીશ | (E) | ઝવેરચંદ મેઘાણી |
| (૬) | ૮ ઓગસ્ટ, ૧૯૪૨ | (F) | વંદે માતરમ્ |
| (૭) | તુમ મુજે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા | (G) | વીર ભગતસિંહ |
| (૮) | ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ | (H) | ગાંધીજી |
| (૯) | પ્રથમ ધ્વજમાં શબ્દો | (I) | સુભાષચંદ્ર બોઝ |
| (૧૦) | ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ | (J) | ભારત માતા કી જય |
| | | (K) | પ્રજાસત્તાક દીન |

**જવાબ :** ૧ - (E), ૨ - (H), ૩ - (B), ૪ - (G), ૫ - (A), ૬ - (C), ૭ - (I), ૮ - (D), ૯ - (F), ૧૦ - (K)

# મોહે રંગ દે



આ ચિત્ર તથા મુખપૃષ્ઠ પરિકલ્પના :

-ત્વેશા મનીષા નિમીષ શાહ (ઉજડાવાળા)

## સોનેરી કહેવતો + રૂપેરી શબ્દો

(૧) બાવળ વાવ્યા હોય તો ___________ ક્યાંથી મળે.

(૨) ઉતવાળે ___________ ન પાકે.

(૩) આ તો રાત નો ___________ છે.

(૪) આ તો અક્કલનો ___________ છે.

(૫) ___________ ચુક્યો સો વરસ જીવે.

(૬) ___________ વગરની જાન ન હોય.

(૭) આ તો સોળે કળામાં ___________ છે.

(૮) આ તો વટનો ___________ છે.

(૯) ગોળ વિના મોળો કંસાર, ___________ વિના સુનો સંસાર.

(૧૦) ___________ ની શિખામણ ઝાંપા સુધી.

| | | |
|---|---|---|
| રાજા | વર | માતા |
| કટકો | બારદાન | પારંગત |
| આંબા | શેઠ | અણી |
| | કેરી | |

જવાબ : (૧) કેરી (૨) આંબા (૩) રાજા (૪) બારદાન (૫) અણી (૬) વર (૭) પારંગત (૮) કટકો (૯) માતા (૧૦) શેઠ

# અજમાવી જુઓ

**છાલનો ઉપયોગ :** સામાન્ય રીતે ગૃહીણીઓ શાક તથા ફળોનો ઉપયોગ કરી છાલને નકામી સમજી ફેંકી દેતી હોય છે પરંતુ વાસ્તવમાં છાલમાં ગુણ સમાયેલા હોય છે. તે જાણીએ.

- **દાડમની છાલ :** વધુ પડતા માસિક સ્ત્રાવથી પીડાતી મહિલાઓ દાડમની સૂકી છાલનો ભુક્કો એક ચમચી પાણી સાથે લેવાથી ફાયદો થશે.
  ઝીણી વાટી તેમાં દહીં ભેળવી પેસ્ટ બનાવી વાળમાં લગાડવાથી વાળ મુલાયમ ચમકીલા થશે.
- **કાજુની છાલ :** કાજુની છાલનું તેલ કાઢી પગના તળિયે તથા ચીરા પડતા હોય ત્યાં લગાડવાથી ત્વચા મુલાયમ થશે.
- **નારિયળની છાલ :** નારિયળની છાલને બાળી ઝીણો ભૂક્કો કરી દાંતે લગાડવાથી દાંત સાફ થાય છે.
- **પપૈયાની છાલ :** પપૈયાની છાલને તડકામાં સૂકવી ઝીણો ભૂક્કો કરી ગ્લિસરીન સાથે ભેળવી લેપ બનાવી ચહેરા પર લગાડવાથી ત્વચા મુલાયમ તથા ચમકીલી બનશે.
- **બટાટાની છાલ :** ચહેરા પર લગાડવાથી ત્વચા પર કરચલી નહીં પડે.
- **દૂધીની છાલ :** દૂધીની છાલને વાટી પાણી સાથે પીવાથી વારંવાર થતા ઝાડામાંથી છૂટકરો મળે છે.

# ઘુંટણના દર્દમાં.....

| શું કરવું | શું ન કરવું |
|---|---|
| ૧. ખુરશી, સોફા, પલંગ પર બેસવું | ૧. પલાઠી વાળીને જમીન પર ન બેસવું |
| ૨. ઈંગ્લીશ પધ્ધતિનું કમોડ જાજરૂ માટે વાપરવું. | ૨. ભારતીય પધ્ધતિનું જાજરૂ ન વાપરવું |
| ૩. લીફટનો શક્ય હોય તો ઉપયોગ કરવો. દાદર ચઢવા જરૂરી હોય તો રેલીંગ કે કઠેડાનો સહાર લેવો | ૩. બીન જરૂરી દાદરા ચઢવા-ઉતરવા નહીં |
| ૪. શરીરની ઉંચાઈ અને ઉંમર પ્રમાણે વજન રાખવું | ૪. વજન ઘટે નહીં તો વધવા નહીં દેવું |
| ૫. ઘુંટણ અને પગની હળવી કસરત નિયમિત પ્રમાણે કરવી જરૂરી છે. | ૫. વધારે પડતી કસરત કે દુઃખ સહન કરીને પણ આડેધડ કસરત ન કરવી. |
| ૬. સપાટ સપાટી પર પોચા સોલવાળા બુટ પહેરી ચાલવું. | ૬. ખાડા ટેકરાવાળા રસ્તા પર ચંપલ વિગેરે વાપરવા નહીં. |
| ૭. સાંધામાં સોજો હોય તો બરફનો શેક કરવો. | ૭. સાંધામાં સોજો હોય ત્યારે ગરમ પાણીથી નહીં શેકવું અને મલમ ઘસીને માલિશ ન કરવી. |

# લોકગીત

## પાપ તારું પરકાશ જાડેજા....

પાપ તારું પરકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ રે
તારી બેડલીને બૂડવા નહીં દઉં (૨)
એ જાડેજા રે એમ તોરલ કે'છે જી.
તોડી સરોવર પાળ, સતી નારી* તોડી સરોવર પાળ રે
ગૌધન તરસ્યાં વાળિયાં (૨)
તોળાંદે રે એમ જેસલ કહે છે જી.
લૂંટી કુંવારી જાન સતી નારી લૂંટી કુંવારી જાન રે,
ભાઈ ભાભીને મેં મારિયાં,
તોળાંદે રે, એમ જેસલ કે'છે જી.
મેં તો સાત વીસું મોડબંધા મારિયા (૨)
તોળાંદે રે એમ જેસલ કે'છે જી... પાપ તારું...
હરણ હર્યા લખ ચાર, સતી નાર (૨)
મેં તો વનના તે મોરલા મારિયા,
તોળાંદે રે એમ જેસલ કે'છે જી.. પાપ તારું....
ચરતી વાળી ગાય સતી નારી (૨)
મેં તો બેન ભાણેજને દુભાવિયા
તોળાંદે રે એમ જેસલ કે'છે જી... પાપ તારું...
તારી બેડલીને બૂડવા નહીં દઉં (૨)એ જાડેજા કે
એમ તોલર કે'છે જી.
જેટલા મથ્થે જા વાળ સતી નારી (૨)
એટલા તો કરમ મેં કરિયા,
તોળાંદે રે એમ જેસલ કે'છે જી.
પાપ તારું પરકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ રે
તારી બેડલીને બૂડવા નહીં દઉં (૨)
એ જાડેજા રે
એમ તોરલ કે'છે જી.

**(*ક્યાંય ગીતમાં 'તોળી રાણી'નો શબ્દ પ્રયોગ પણ થયો છે.)**

## પહેલા પહેલા જુગમાં રાણી

પહેલા પહેલા જુગમાં રાણી
પહેલા પહેલા જુગમાં રાણી,
તું હતી પોપટી ને, અમે રે પોપટ રાજા રામના
ઓતરા રે ખંડમાં આંબલો મો'યો ત્યારે,
સૂડલે મારેલ મુને ચાંચ રાણી પિંગળા
હે એએ.... ઈ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,
તો યે ન હાલી મારી સાથ, રાણી પિંગળા.
દનડા સંભારો ખમ્મા, પૂરવ જનમના સહેવાસના.

હે એએ.... બીજા બીજા જુગમાં રાણી,
તું હતી મૃગલી ને અમે રે મૃગેશ્વર રાજા રામના,
વનરા તે વનમાં પારધીએ ફાંસલો રે બાંધ્યો,
પડતાં છોડયા મેં મારા પ્રાણ, રાણી પિંગળા,
હે એએ... ઈ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,
તો યે ન હાલી મારી સાથ, રાણી પિંગળા - દનડા

હે એએ.... ત્રીજા ત્રીજા જુગમાં રાણી,
તું હતી બ્રાહ્મણી ને અમે રે તપેશ્વર રાજા રામના,
કુંડલિક વનમાં ફૂલ વીણવા ગ્યાં'તા ત્યારે,
ડસીયેલ કાળુડો નાગ રાણી પિંગળા.
હે એએ.... ઈ રે પાપીડે મારા પ્રાણ જ ગરિયા ને,
તો યે ન હાલી મારી સાથ, રાણી પિંગળા. - દનડા

હે એએ.... ચોથા ચોથા જુગમાં રાણી,
તું હતું પિંગળા ને અમે રે ભરથરી રાજા રામના,
ચાર ચાર જુગના રાણી ઘરવાસ આપણા ને,
તોયે ન હાલી મારી સાથ, રાણી પિંગળા. - દનડા.

## માનવતાવાદી વૈજ્ઞાનિક

આપણા (અ) ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામના જીવનમાં બનેલો પ્રસંગ છે.

ડૉ. કલામે અગ્નિ મિસાઈલનું વજન ઓછું કરવા એક હળવો અને મજબૂત પદાર્થ બનાવ્યો. તેમના એક મિત્ર ઓર્થોપેડિક સર્જન (હાડકાંના ડૉક્ટર) તેમને મળવા આવ્યા. ડૉ કલામે આ પદાર્થ તેમને બતાવ્યો. સર્જન ખૂબ પ્રભાવિત થયા અને તેમને પોતાની હોસ્પિટલમાં બોલાવ્યા.

ડૉ. કલામ હોસ્પિટલમાં ગયા. ત્યાં સર્જને પોતાના બાળ પેશન્ટસ બતાવ્યા. પગ વગરનાં બાળકો કેલિપર્સ (બનાવટી પગ)નો ઉપયોગ કરતાં હતા તે બતાવી સર્જને કહ્યું કે, 'ડૉ. કલામ, બાળકોના કેલિપર્સનું વજન ઓછું ન કરી શકાય? બિચારાં બાળકો ત્રણ કિલોના વજનનાં કેલિપર્સ પહેરીને કેવી રીતે ચાલી શકે?'

ડૉ. કલામે પોતાની લેબમાં પ્રયોગો શરૂ કર્યાં ને ત્રણ સપ્તાહની મહેનતને અંતે ૩૦૦ ગ્રામ વજનનાં કેલિપર્સ બનાવ્યા તે લઈ હોસ્પિટલમાં ગયા. આટલાં હળવાં કેલિપર્સથી બાળકો ખુશ થઈ ગયાં ને તે પહેરી દોડાદોડી કરવા લાગ્યાં. તેમનાં માતા-પિતાની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયા. ડૉ. કલામ આ પ્રસંગને, આ સ્થિતિને પોતાના જીવનની મહત્ત્વની સિદ્ધિ ગણાવે છે. પરમ આનંદનો પ્રસંગ ગણાવે છે.

## શુકન

- પ્રશાંત સુરેષચંદ્ર પરીખ (લઠ્ઠા પારેખ)

### માનવ ધર્મ

પુરાણોમાં એક કથા આવે છે. એકવાર બે શિષ્યો નદી પાર કરી સામે કાંઠે આવેલા ગુરુના આશ્રમમાં જતા હતા. બંને સન્યાસી હતા. નદી પાર કરતાં તેમણે જોયું કે કોઈ સ્ત્રી ડૂબી રહી હતી અને મદદ માટે પોકાર કરતી હતી. એક શિષ્ય કહે, 'આપણે સાધુ છીએ, સ્ત્રીનો સ્પર્શ પણ ન કરાય. આપણું બ્રહ્મચર્ય તૂટે.'

બીજો શિષ્ય કહે,'એક માનવનો જીવ બચાવવાનો સવાલ છે. બ્રહ્મચર્ય પાળવા કરતાં માનવનો જીવ બચાવવો વધારે મહત્ત્વનો છે.' ને એણે પેલી સ્ત્રીને બચાવીને ખભા પર ઊઠાવી લીધી. નદી પાર કરી, પેલી સ્ત્રીને નદીકિનારે ઉતારી. સ્ત્રીએ આભાર માન્યો.

બંને શિષ્યો આશ્રમમાં ગયા. પહેલા શિષ્યે ગુરુ પાસે ફરિયાદ કરી કે,'મારા આ સાથીએ બ્રહ્મચર્યનું વ્રત તોડયું. સ્ત્રીનો સ્પર્શ કર્યો, તમે એની પાસે પ્રાયશ્ચિત કરાવો.'

ગુરુજી કહે,'એણે તો એ સ્ત્રીને નદી કિનારે ઊતારી દીધી. તું તારા માનસમાં એને સાથે લઈને ફરે છે. પ્રાયશ્ચિતની જરૂર એને નહીં, તને છે. તારું મન હજુ એ સ્ત્રીમાં અટવાયેલું છે. માનવધર્મથી કોઈ ધર્મ મહાન નથી.'

## પદચિહન

મને સ્વર્ગમાં મારી આખી જિંદગીની ફિલ્મ બતાવવામાં આવતી હતી. મને ભગવાને કહ્યું કે,'હું સતત તારી સાથે ને સાથે રહ્યો છું.'

મેં જોયુ કે સમયની રેત પર મારાં પગલાંની સાથે સાથે ભગવાનનાં પગલાંની છાપ પણ હતી. આગળ જતાં મેં જોયું કે ઘણીવાર એક જ જોડ પગલાંની છાપ હતી ને બીજાં પગલાંની છાપ દેખાતી જ ન હતી.

મેં ફરિયાદ કરી કે,'ભગવાન, તમે તો કહો છો કે તમે મારી સાથે સતત રહ્યા છો, પણ આ મુશ્કેલીના સમયમાં, જ્યારે મારા જીવનમાં તોફાન ને આંધી ચાલી રહ્યાં હતાં ત્યારે તો એક જ પગલાંની જોડ છે એટલે કે તમે મારો સાથ છોડી દીધો હતો.'

ભગવાને સ્મિત કર્યું ને મને કહ્યું, 'દીકરા, એ એક જોડ પગલાંની છાપ છે એ મારી છે. મેં તને ઊંચકી લીધો હતો. બાકી તો એ કપરા કાળમાં તું ટકી શક્યો જ ન હોત.'

હું અવાક્ થઈ ગયો. પ્રભુની પરમકૃપા સામે મારે કંઈ બોલવા જેવું રહ્યું જ ન હતું.

# કીર્તન

## ઈન્દ્રમાન ભંગનું પદ

**રાગ - માલવ    તાલ - ધમાર**

જય જય લાલ ગોવર્ધનધારી, ઈન્દ્રમાન ભંગ કીનો ।।
વામ ભૂજા રાખ્યો ગિરિનાયક, ભક્તનકો સુખ દીનો ।૧।
સાત દ્યોસ મધવા પચહાર્યો, ગો સુત શૃંગ ન ભીનો ।।
કૃષ્ણદાસ ગિરીધર પિય આગેં, પાય પર્યો બલહીનો ।।૨।।

## મંગલા આરતીનું પદ

**રાગ - વિભાસ    તાલ - ત્રિતાલ**

મંગલ આરતી ગોપાલકી માઈરી ।।
નિત્ય પ્રતિ મંગલ હોત નિરખ મુખ,
ચિતવન નયન વિશાલ કી માઈ ।।૧।।
મંગલ રૂપ શ્યામ સુંદર કો,
મંગલ ભૃકુટિ સુભાલકી માઈ ।।
ચતુર્ભુજ પ્રભુ સદા મંગલ નિધિ,
બાનિક ગિરિધર લાલકી માઈ ।।૨।।

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧. **તરૂલતાબેન મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ :** તા. ૨૮-૮-૧૮ તથા ૨૯-૮-૧૮ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૬૧૫ દર્દીઓ એ લાભ લીધેલ. તમામ દર્દીઓનું વિનામુલ્યે નિદાન કરીને જરૂરીયાતવાળા ૨૧૩ દર્દીઓને સાત દિવસની દવાઓ રૂા. ૨૪૨૭૪/-ની ફ્રી આપવામાં આવેલ.

૨. **ઈકો કેમ્પ :** તા. ૧૨-૮-૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૫૭ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ તથા તા. ૯-૯-૨૦૧૮ના રોજ કુલ ૩૯ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

૩. **છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૭-૮-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૧ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ. તેમજ તા. ૨૧-૯-૨૦૧૮ના રોજ કુલ ૧૫ દર્દીઓની આંખમાંથી છારી કાઢવામાં આવેલ.

કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની ૨૨મી વાર્ષિક સામાન્ય સભા તથા શ્રી બાલાસિનોર સેવા સમાજની ૫૪મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦-૯-૨૦૧૮ને ગુરૂવારના રોજ મુંબઈ ખાતે પ્રમુખશ્રી વસંતભાઈ પરીખની અનઉપસ્થિતીમાં ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ કે. દેસાઈના પ્રમુખસ્થાને શરૂ કરવામાં આવી હતી.

સભાના પ્રારંભમાં વર્ષ દરમ્યાન ટ્રસ્ટના સદ્‌ગત ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓ તથા દાતાશ્રીઓના થયેલ નિધન બદલ બે મિનિટ મૌન પાળી સદ્‌ગતના માનમાં શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં એજન્ડા મુજબ ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન મંત્રી શ્રી નિતીન પરીખએ કર્યું હતુ. તેમજ એજન્ડા મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ તરત મળેલી કાર્યવાહક સમિતિ સભામાં એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી.

મંત્રીશ્રી પરેશ પરીખે કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં ફીઝીશીયન, સ્કીન, સાઈકીયાટ્રીસ્ટ, ઈ.એન.ટી. વિભાગની ઓ.પી.ડી. શરૂ થઈ ગયેલ છે તથા ૧૫ દિવસમાં ઈમરજન્સી વિભાગ તથા આઈ.સી.યુ. શરૂ કરવામાં આવશે તેમ જણાવેલ.

તેમજ વર્ષ ૨૦૧૮-૧૯ માટે સ્થાનિક સમિતિના સભ્યોની નિમણૂંક કરવામાં આવી હતી.

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :**

| | | |
|---|---|---|
| ૧. | કમળાબેન ગીરધરભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે - ડૉ. શીશીરભાઈ ગાંધી | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૨. | અમેરીકાવાસી એક બહેન તરફથી હસ્તે - મહેશભાઈ કડકીઆ (બનડા) | રૂા. ૫૦,૦૦૦/- |

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્‌ મંત્રીશ્રીઓ**

# બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ - શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ

## અનુકરણીય દાન / વચન

૧. શ્રીમતી ચંદનબેન મણીલાલ બાપુલાલ ગાંધી પરિવાર તરફથી રૂા. ૧૧,૦૦,૦૦૦/-
હસ્તે - શ્રી શશીકાંત મણીલાલ ગાંધી તરફથી Education Scheme for Diploma Courses માટે.

મંડળ દ્વારા રજુ કરાયેલ વિવિધ નવી શૈક્ષણિક યોજનાઓને સમાજના દરિયાદિલ દાતાશ્રીઓ તરફથી નક્કર પ્રતિસાદ સાંપડયો છે. ઉપરોક્ત મંડળની નીચે જણાવેલ યોજનાઓ માટે દાતાઓશ્રીની આવશ્કતા છે.

૧. Master Degree Courses Scheme (Other than Medical) 11,00,000/-

૨. Education Scheme for Coaching Classes (Professional Courses) 11,00,000/-

૩. Education Scheme for Entrance Test (GRE, TOEFL, GMAT, IELTS, JEEE, NIIT 7,50,000/-

વધતી જતી સ્કૂલ કોલેજો તથા કોચીંગ કલાસોની ફીઓને લીધી ઉપરોક્ત મંડળ, વધતી જતી શૈક્ષણિક સહાયની માંગોને પહોંચી વળવા અશક્ષમ હોવાથી મંડળને અવારનવાર શૈક્ષણિક યોજનાઓ માટે પુરસ્કૃત દાતાશ્રીઓની અછત વર્તાય છે. આપણા સમાજની યુવા પેઢીના ભવિષ્યને ઉજ્જવલ બનાવવાની ઉમદા તક. આ પૈકી કોઈપણ એક શૈક્ષણિક યોજનાને આપનાવી અપનાવી આપશ્રી આ નેક કાર્યમાં સહભાગી થઈ શકો છો. આપ સૌના સાથ અને સહકાર ની ઉપેક્ષા રાખીએ છીએ.

**કારોબારી સમિતિ વતિ - જસ્મિન બી. શેઠ, ધર્મેશ જ. શાહ - માનદ્ મંત્રીઓ**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **શ્રી અક્ષય નવનીતલાલ પરીખ**
  **શ્રી ગૌરવ અક્ષય પરીખ**
  ઈ-૫૪૦૧, ૫૪ મે માળે, લોઢા વર્લ્ડ ક્રીસ્ટ,
  ધ વર્લ્ડ ટાવર, કમલામિલની બાજુમા
  સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ
  મુંબઈ - ૪૦૦૦૧૩
- **પરેશ ઓચ્છવલાલ પરીખ**
  ગણેશ કૃપા સોસાયટી હા. લી.
  ફ્લેટ નંબર-૫૦૨, ૫મે માળે, સિક્કા નગર,
  વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪

### નવા ટેલીફોન નંબર

શ્રી મધુસુદન ભીખાલાલ કડકીયા (ફાડીયા)
૮૬૫૭૪૪૧૧૦૪

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ ઉમેશ કીરતનલાલ દેસાઈ | ૬૯ |
| ❖ રમેશભાઈ શાહ (ઉજડાવાળા) (યુએસએ) | |
| ❖ સુરેશચંદ્ર ચીમનલાલ સેવક | ૭૯ |
| ❖ મહેશભાઈ રસીકલાલ પરીખ (લહેંટા) | ૭૩ |
| ❖ ઈન્દીરાબેન ચંદ્રકાંન્ત મોદી (બોજવાળા) નેત્રદાન કરેલ છે. | ૭૮ |
| ❖ કલ્પનાબેન તુષારભાઈ પરીખ (બખલી) | ૫૯ |
| ❖ દિનકરલાલ બી. પરીખ | |
| ❖ નૂતનબેન પ્રકાશભાઈ શાહ | ૬૧ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**



**નેત્રદાન કરેલ છે**

**ઈન્દીરાબેન**
**ચંદ્રકાન્ત મોદી (બોજવાળા)**
**(ઉં.વ ૭૮)**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**